# જમાડતી વખતની મુશ્કેલીઓ : માં–બાપની નજરે

શીશી હવે પુરતી જણાતી નથી. હવે બાળક ૧૦ અઠવાડિયાનું થઈ ગયું છે. મને લાગે છે કે મારે શીશીમાં વધારાનું દૂધ ઉમેરવું જોઈએ.

હું જો તેને શીશી આપતી નથી તો તે રડે છે અને કટોરો મારી તરફ ફેંકે છે.

દર વખતે જ્યારે પણ હું તેને લોચાવાળો ખોરાક આપું છું એ મોઢું બંધ કરી દે છે, મારે તેને ફરીથી ઘટ્ટ પ્રવાહીવાળો ખોરાક આપવો કે કેમ તે મને સમજાતું નથી.

તે અવારનવાર માંદો પડે છે અને મને ડર લાગ્યા કરે છે કે તેનો શ્વાસ રૂંધાઈ તો નહીં જાય ને.

જો હું તેણીને ચમચી આપું છું તો તે બધે ફેલાવે છે.

નર્સરી કહે છે કે એને જે આપવામા આવે તે ખાય છે પણ ઘરે તો તે ફક્ત ચોકલેટ, બિસ્કુટ અને કકરી વસ્તુઓ જ ખાય છે.

તે પુરતું આરોગ્યપ્રદ ખાવાનું ખાતો નથી, તેથી મને ચિંતા થાય છે.

